INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૧-૦૪-૨૦૨૨

- વડગામ ધારાસભ્ય શ્રી જીજ્ઞેશ મેવાણી ની આસામ પોલીસ દ્વારા પાલનપુર સર્કીટહાઉસ ખાતેથી ધરપકડ
- સરકારી તંત્ર ના દુરુપયોગ દ્વારા લોકતંત્ર ની હત્યા.
- મોડી રાતે હવાઈ માર્ગે ધારાસભ્ય શ્રી જીજ્ઞેશ મેવાણી ને આસામ લઈ જવાયા.
- ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ શ્રી જગદીશ ઠાકોર સહિત ધારાસભ્યો, કોંગ્રેસ આગેવાનો શ્રી જીજ્ઞેશ મેવાણી ના સમર્થનમાં રાત્રે 3 કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચી ધરપકડ નો વિરોધ નોંધાવ્યો.
- સારંગપુર બાબા સાહેબ ના પ્રતિમા પાસે અમદાવાદ શહેર કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન
- ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ શ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષ ના નેતા શ્રી સુખરામ રાઠવા સહિત મોટી સંખ્યા માં કોંગ્રેસ આગેવાનો કાર્યકરો ની અટકાયત.

વડગામ ધારાસભ્ય શ્રી જીજ્ઞેશ મેવાણી ની આસામ પોલીસ દ્વારા તા. ૨૦/૪/૨૦૨૨ ના રોજ પાલનપુર ખાતેથી આસામ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી. આસામના કોકરીઝાર માં ધારાસભ્ય શ્રી જીજ્ઞેશ મેવાણી વિરૂદ્ધ વિવિધ કલમો હેઠળ પોલીસ ફરીયાદ નોંધવામાં આવી હતી. જે અનુસંધાને આસામ પોલીસ દ્વારા શ્રી જીજ્ઞેશ મેવાણી ની ધરપકડ કરવા માં આવી હતી. ભાજપા દ્વારા સત્તાનો દુરુપયોગ કરી લોકતંત્ર માં અવાજ ઉપાડનાર જાગૃત ધારાસભ્યને દબાવવાનો પ્રયત્ન ખૂબ જ નિંદનીય છે. આ પ્રકારના તંત્રના રાજનૈતિક દુરુપયોગને સખત શબ્દોમાં વખોડિએ છીએ.

શ્રી જીજ્ઞેશ મેવાણીની પાલનપુરમાં ગત રાત્રે ૧૧-૩૦ કલાકે આસામ પોલીસ દ્વારા ધરપકડ કરી અમદાવાદ એરપોર્ટ પર લવાયા. શ્રી જીજ્ઞેશ મેવાણી ને અમદાવાદ એરપોર્ટ થી હવાઈ માર્ગે આસામ લઈ જવાયા. ધરપકડ ની જાણ થતાં મોડી રાતે એરપોર્ટ ખાતે કોંગ્રેસ અધ્યક્ષ શ્રી જગદીશ ઠાકોર સહિત ધારાસભ્યોશ્રી સી.જે. ચાવડા, ગ્યાસુદ્દીન શેખ, ઈમરાન ખેડાવાલા, કોંગ્રેસ અગ્રણી શ્રી બીમલ શાહ, નિરવ બક્ષી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો દ્વારા ધારાસભ્ય શ્રી જીજ્ઞેશ મેવાણીની ખોટી રીતે ધરપકડ નો વિરોધ કરવામાં આવ્યો હતો.

તા. ૨૧/૨/૨૦૨૨ ના રોજ લોકતંત્રમાં જનપ્રતિનિધિને ખોટી રીતે દબાવવા અને ડરાવવાના પ્રયાસ વિરૂધ્ધ અમદાવાદ શહેર કોંગ્રેસ દ્વારા બાબા સાહેબના પ્રતિમા સારંગપુર ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. સંવિધાનના ઘડવૈયા શ્રી બાબા સાહેબની પ્રતિમા પાસે ભાજપ સરકાર દ્વારા સંવિધાનિક હક્કોના હનન વિરૂધ્ધ મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો દ્વારા ઉગ્રવિરોધ દર્શાવવામાં આવ્યો હતો. વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસ અધ્યક્ષ શ્રી જગદીશ ઠાકોર, વિપક્ષ નેતા શ્રી સુખરામ રાઠવા, પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલ, ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, શહેર પ્રમુખશ્રી નીરવ બક્ષી, વિપક્ષના નેતાશ્રી શહેઝાદખાન પઠાણ, સહિત મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા